# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા
## ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - દ્વિતીયખંડ
### પ્રશ્નપત્ર - ૧

(સમય : સવારે ૯ થી ૧૨) રવિવાર, ૪ જુલાઈ, ૨૦૧૦ કુલ ગુણ : ૧૦૦

**અભ્યાસક્રમના વચનામૃત :- કારિયાણી પ્રકરણઃ ૧૦, ૧૧, ૧૨ ગઢડા મધ્ય પ્રકરણઃ ૨, ૭, ૧૧, ૧૨, ૧૩, ૧૬, ૨૨, ૨૮, ૩૩, ૪૭, ૫૧, ૫૫, ૫૯, ૬૧, ૬૩**

**(વિભાગ - ૧ : 'વચનામૃત' પચીસમી આવૃત્તિ મે -૨૦૦૮ને આધારે)**

**પ્ર.૧ નીચે આપેલાં સૈદ્ધાંતિક વાક્ય, દૃષ્ટાંત કે વિષયમાંથી કોઈ પણ ત્રણ ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૧)**

**☞ નોંધ : જવાબોની સમજૂતિ માટે નીચેના મુદ્દાઓની આવશ્યકતા.**

| | | |
|---|---|---|
| ૧. | પરોક્ષ શાસ્ત્રોનું પ્રમાણ, પરોક્ષના ભક્તોનાં કીર્તન / શ્લોક અથવા સાખી | ૧ ગુણ |
| ૨. | શ્રીજીમહારાજનાં વચનામૃત અથવા સ્વામીની વાતુનાં પ્રમાણ | ૧ ગુણ |
| ૩. | નંદ પંક્તિનાં કીર્તનો અથવા ગુરુ પરંપરાનાં કીર્તનો - સાખી અથવા આપણાં અન્ય શાસ્ત્રોનાં પ્રમાણો. | ૧ ગુણ |
| ૪. | ઉપરના સંદર્ભો વધુ સ્પષ્ટ કરતાં પ્રસંગો અથવા દૃષ્ટાંતો બે કે તેથી વધુ. | ૩ ગુણ |
| ૫. | પ્રગટ સત્પુરુષના અનુસંધાન સાથે ઉપસંહાર. | ૧ ગુણ |
| ૬. | આપનો નિર્ણય આખરી ગણાશે. | |

**૧. 'જેને ભગવાનને વિષે પ્રીતિ હોય તે ભગવાનની આજ્ઞા કોઈ કાળે લોપે નહિ. જેમ ભગવાનનું ગમતું હોય તેમ જ રહે એ પ્રીતિનું લક્ષણ છે.' (કા.૧૧)**

જ. ગોપીઓએ એમ જાણ્યું જે ભગવાનની મરજી વિના જો આપણે મથુરા જઈશું તો ભગવાનને આપણા ઉપર હેત છે તે ટળી જશે. માટે હેતનું એ જ રૂપ છે જે, જેને જે સાથે હેત હોય તે તેની મરજી પ્રમાણે રહે. અને જો પોતાના પ્રિયતમ પાસે રહ્યે રાજી જાણે તો પાસે રહે અને જો પોતાના પ્રિયતમને છેટે રહ્યે રાજી જાણે તો છેટે રહે પણ કોઈ રીતે પોતાના પ્રિયતમની આજ્ઞાને લોપે નહિ. એ પ્રેમનું લક્ષણ છે. જો ગોપીઓને ભગવાનને વિષે સાચો પ્રેમ હતો હતો તો આજ્ઞા વિના ભગવાનને દર્શને ગઈ નહીં અને જ્યારે ભગવાને કુરુક્ષેત્રમાં તેડી ત્યારે ભગવાનનું દર્શન કર્યું. પણ કોઈ રીતે ભગવાનના વચનનો ભંગ કર્યો નહીં. માટે જેને ભગવાનને વિષે પ્રીતિ હોય તે ભગવાનની આજ્ઞા કોઈ કાળે લોપે નહિ. જેમ ભગવાનનું ગમતું હોય તેમજ રહે એ પ્રીતિનું લક્ષણ છે.

**૨. 'અને જ્યારે એ વાર્તા સમજ્યામાં આવશે ત્યારે પંચવિષય કે કામ, ક્રોધાદિક સ્વભાવ તે જીત્યામાં પ્રયાસ થશે નહિ, સહેજે જિતાઈ જશે.' (ગ.મ. ૧૩)**

જ. (૧) તે મૂર્તિને અમે પ્રકટ પ્રમાણ હમણાં પણ દેખીએ છીએ અને સત્સંગમાં નહોતા આવ્યા ત્યારે પણ દેખતા..... (૨) અને અમે બોલીએ છીએ તે પણ ત્યાં જ બેઠા થકા બોલીએ છીએ અને તમે સર્વે ત્યાં જ બેઠા છો એમ હું દેખું છું. (૩) અને તે સ્વરૂપને તો તમે પણ દેખો છો પણ તમારા સમજ્યામાં પરિપૂર્ણ આવતું નથી.....

**૩. બે સેનાનું દૃષ્ટાંત અને તેનો હાર્દ. (ગ.મ. ૨૨)**

જ. બેય રાજાના જે શૂરવીર છે તેને તો મરવાનો પણ ભય નથી ને લૂંટવાનો પણ લોભ નથી, પણ તેનું નિશાન લેવું ને પોતાની જીત કરવી એવો જ એક સંકલ્પ છે. એ તો દૃષ્ટાંત છે, એનું સિદ્ધાંત તો એ છે જે નિશાનને ઠેકાણે તો ભગવાનનું ધામ છે અને રાજાના શૂરવીરને ઠેકાણે તો ભગવાનના દૃઢ ભક્ત છે. તેને તો આ સંસારને વિષે માન થાઓ અથવા અપમાન થાઓ, દેહને સુખ થાઓ અથવા દુઃખ થાઓ, શરીર રોગી રહો અથવા નીરોગી રહો, દેહ જીવો અથવા મરો, પણ એને કોઈ જાતનો હૈયામાં ઘાટ નથી જે, 'આપણે આટલું દુઃખ થશે કે આપણે આટલું સુખ થશે.' એ બેમાંથી કોઈ જાતનો હૈયામાં ઘાટ નથી, એ ભક્તજનના હૈયામાં તો એ જ દૃઢ નિશ્ચય છે જે, 'આ દેહે કરીને ભગવાનના ધામમાં નિવાસ કરવો છે પણ વચમાં ક્યાંય લોભાવું નથી.'

**૪. નિયમ-પાલનની આવશ્યકતા (ગ.મ. ૧૬)** જ. એવી રીતે નિયમે કરીને પંચવિષય જિતાય છે. અને જો નિયમમાં ન રહે તો ગમે તેવો વૈરાગ્યવાન હોય તથા જ્ઞાની હોય પણ તેનો ઠા રહે નહિ.માટે વિષય જીત્યાનું કારણ તો પરમેશ્વરના બાંધેલા જે નિયમ તે જ છે. તેમાં પણ મંદ વૈરાગ્યવાળાને તો નિયમમાં રહેવું એ જ ઊગર્યાનો ઉપાય છે.

**૫. જીવની માયા ટાળવાનો ઉપાય. (કારિ.૧૨) જ.** તે જીવની કારણ શરીરરૂપ જે માયા તે વજ્રસાર જેવી છે, તે કોઈ રીતે જીવથી જુદી પડતી નથી. માટે જ્યારે એ જીવને સંતનો સમાગમ મળે ને તે સંતને વચને કરીને પરમેશ્વરનું સ્વરૂપ ઓળખ્યામાં આવે ને તે પરમેશ્વરના સ્વરૂપનું ધ્યાન કરે ને તે પરમેશ્વરના વચનને હૃદામાં ધારે તેણે કરીને એ કારણ શરીર છે તે બળીને ખોખા જેવું થઈ જાય છે.

**પ્ર.૨ નીચે આપેલા અવતરણોની પૂર્તિ કરો અને વચનામૃતનો ક્રમાંક ટાંકો. (કુલ ગુણ : ૧૫)**

**☞ નોંધ : (૧) વચનામૃત અવતરણની પૂર્તિના ૨½ ગુણ અને વચનામૃત ક્રમાંકનો ½ ગુણ.**
**(૨) વચનામૃત ક્રમાંક સાથે આપેલા આંકડા અવતરણ નંબર છે. જે પરીક્ષાર્થીએ લખેલા હોવા જરૂરી નથી.**

૧. માટે જેનો સંગ કર્યા થકી તથા જે શાસ્ત્ર સાંભળવા થકી ભગવાનની ઉપાસનાનું ખંડન થઈને સ્વામીસેવકભાવ ટળી જતો હોય તો તે સંગનો તથા તે શાસ્ત્રનો શ્વપચની પેઠે તત્કાળ ત્યાગ કરવો. (કારિ. ૧૦) (૧)

૨. જેને પૂર્વજન્મમાં ભગવાનની કે ભગવાનના ભક્તની પ્રાપ્તિ થઈ હશે તથા તેમની સેવા કરી હશે, તેને તો આ જન્મમાં ભગવાન કે ભગવાનના ભક્તમાંથી હેત મટે જ નહિ. અને નિશ્ચયમાં પણ ડગમગાટ થાય નહિ. (ગ.મ. ૫૯) (૩૧)

૩. અને જે ભગવાનના ભક્ત હોય તે ભગવાનને પ્રતાપે કરીને બ્રહ્મા, શિવ, શુકજી, નારદ તે જેવા પણ થાય અને પ્રકૃતિપુરુષ જેવા પણ થાય અને બ્રહ્મ તથા અક્ષર જેવા પણ થાય તો પણ શ્રી પુરુષોત્તમનારાયણ જેવો થવાને તો કોઈ સમર્થ નથી. (કારિ. ૧૦) (૨)

૪. એવી રીતે આત્મ સુખે કરીને માંહેલી કોરે પૂર્ણ રહેવું અને બાહેર પંચ ઇંદ્રિયો દ્વારે વિષયનો માર્ગ બંધ રાખવો, એ જ કામાદિકને જીત્યાનો દૃઢ ઉપાય છે. પણ એ વિના એકલા ઉપવાસે કરીને કામાદિકનો પરાજય થતો નથી.(ગ.મ. ૨)(૮)

૫. ભગવાન ને ભગવાનના જે સંત તેને વિષે જેને પ્રીતિ હોય, ને તેની સેવાને વિષે અતિશય શ્રદ્ધા હોય, ને ભગવાનની નવધા ભક્તિએ યુક્ત હોય, તેના જીવને તો તત્કાળ અતિશય બળ આવે છે. (ગ.મ. ૬૩) (૩૪)

**પ્ર.૩ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક ઉપર અભ્યાસક્રમના વચનામૃતનો ક્રમાંક નોંધી બે અવતરણો લખો. (કુલ ગુણ : ૪)**

**☞ નોંધ :(૧) વચનામૃત અવતરણના ૧½ ગુણ અને વચનામૃત ક્રમાંક - ½ ગુણ.**
**(૨) અવતરણના અંતે કૌંસમાં આપેલા આંકડા અવતરણ નંબર છે. જે પરીક્ષાર્થીએ લખેલા હોવા જરૂરી નથી.**

**૧. શ્રીહરિએ કહેલો સ્વમહિમા (૧) (ગ.મ. ૧૩)** 'જે તેજને વિષે મૂર્તિ છે તે જ આ પ્રત્યક્ષ મહારાજ છે.' એમ જાણજો અને જો એમ ન જણાય તો એટલું તો જરૂર જાણજ્યો જે, 'અક્ષરરૂપ જે તેજ, તેને વિષે જે મૂર્તિ છે તેને મહારાજ દેખે છે.' એમ જાણશો તો પણ તમારે મારે વિષે હેત રહેશે. તેણે કરીને તમારું પરમ કલ્યાણ થશે. (૧૬) **(૨) (ગ.મ. ૨૮)** અમારી પ્રકૃતિ એમ છે જે, થોડીક વાતમાં કુરાજી પણ ન થાઉં અને થોડીક વાતમાં રાજી પણ ન થાઉં. અને જ્યારે જેમાં રાજી થયાનો કે કુરાજી થયાનો સ્વભાવ બહુ દિવસ સુધી જોઉં છું, ત્યારે રાજીપો કે કુરાજીપો થાય છે. પણ કોઈના કહ્યા સાંભળ્યા થકી કોઈની ઉપર રાજીપો કે કુરાજીપો થતો નથી. (૨૧)

**૨. આજ્ઞા (૧) (કારિ. ૧૧)** માટે જેને ભગવાનને વિષે પ્રીતિ હોય તે ભગવાનની **આજ્ઞા** કોઈ કાળે લોપે નહિ. જેમ ભગવાનનું ગમતું હોય તેમજ રહે એ પ્રીતિનું લક્ષણ છે. (૪) **(૨) (કારિ. ૧૧)** તે ભક્ત ભગવાનની **આજ્ઞા**એ કરીને જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં ભગવાનની મૂર્તિ પણ એ ભક્ત ભેળી જ જાય છે, ને જેમ એ ભક્તને ભગવાન વિના રહેવાતું નથી તેમ જ ભગવાનને પણ એ ભક્ત વિના રહેવાતું નથી. અને એ ભક્તના હૃદયમાંથી આંખ્યનું મટકું ભરીએ એટલી વાર પણ છેટે રહેતા નથી. (૫) **(૩) (ગ.મ. ૭)** વૈરાગ્યહીન હોય તે તો કોઈ મોટા સંત હોય, તેની અતિશય સેવા કરે અને પરમેશ્વરની **આજ્ઞા**માં જેમ કહે તેમ મંડ્યો રહે પછી પરમેશ્વર તેને કૃપા દૃષ્ટિએ જુએ જે, 'આ બીચારો વૈરાગ્યહીન છે તેને કામક્રોધાદિક બહુ પીડે છે, માટે એના એ સર્વે વિકારો ટળો.' તો તત્કાળ ટળી જાય અને સાધને કરીને બહુકાળ મહેનત કરતાં કરતાં આ જન્મે ટળે અથવા બીજે જન્મે ટળે. અને તરત જે વિકારમાત્ર ટળે તે તો પરમેશ્વરની કૃપાએ કરીને ટળે. (૯) **(૪) (ગ.મ. ૧૧)** માટે ભગવાનની **આજ્ઞા**એ કરીને ભગવાનની પ્રસન્નતાને અર્થે ભગવાનનો ભક્ત જે જે કર્મ કરે છે તેનો કોઈ રીતે અવગુણ જો લે તો તેના હૃદયને વિષે કુટુંબે સહિત અધર્મ આવીને નિવાસ કરે છે. (૧૧) **(૫) (ગ.મ. ૫૧)** સત્પુરુષની **આજ્ઞા** પ્રમાણે જે રહે છે તે જ રૂડા દેશકાળાદિકને વિષે રહ્યો છે અને જે સત્પુરુષની **આજ્ઞા**થી બહાર પડ્યો તે જ તેને ભૂંડા દેશકાળાદિકનો યોગ થયો છે. માટે સત્પુરુષની **આજ્ઞા**ને વિષે વર્તે છે તે જ આત્મસત્તારૂપે વર્તે છે. (૨૬)

## (વિભાગ - ૨ : 'સ્વામીની વાતો' ના આધારે)

**અભ્યાસક્રમની વાતો : પ્રકરણ : ૩/૩૪, ૩૬, ૩૭, ૩૮, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૦, ૫૧, ૫૨, ૫૩, ૫૫ ૫૬, ૫૮, ૫૯, ૬૦, ૬૧, ૬૪, ૬૫, ૬૮, ૭૦, ૭૨**

**પ્ર.૪ નીચે આપેલા પ્રશ્નોના એક (સંપૂર્ણ) વાક્યમાં જવાબ લખો. (કુલ ગુણ : ૫)**

> ☞ **નોંધ : જવાબ આખા વાક્યમાં આપેલ હોવો જોઈએ. નહિ કે શબ્દોમાં. અડધા જવાબના ગુણ આપવા નહીં. પ્રશ્ન સાથે આપેલ અંક પ્રકરણ નંબર અને સ્વામીની વાતોનો નંબર આપેલ છે.**

૧. મનુષ્યભાવ શેણે કરીને આવે છે ? (૩/૩૬)

**જ.** લોક, ભોગ, દેહ ને ચોથો પક્ષપાત તેણે કરીને મનુષ્યભાવ આવે છે.

૨. ગુરુ કર્યા હોય તો શું થાય ? (૩/૪૫)

**જ.** ગુરુ કર્યા હોય તો તેના ગુણ આવવા જોઈએ.

૩. ગુણાતીતાનંદ સ્વામીએ આંબા જેવા અને ખીજડા જેવા જીવ કોને કહ્યા ? (૩/૬૮)

**જ.** જો આ પ્રત્યક્ષ ભગવાનને વિષે નિષ્ઠા થઈને આ સાધુની ઓળખાણ થઈ તો તે આંબા જેવા છે અને જેને પ્રત્યક્ષ ભગવાનને આ પ્રત્યક્ષ સંત તેની ઓળખાણ જો ન હોય તો તે ખીજડા જેવા છે.

૪. મહારાજે શા માટે સ્વામીને રાખ્યા છે ? (૩/૫૩)

**જ.** સોરઠના હરિજન ઉપર મહારાજને બહુ હેત, તેને પોતાનું સુખ દેવા સારું. **અથવા**
સોરઠના હરિભક્તોને મહારાજથી પોતાનું સુખ દેવાણું નહિ તે સારું તેને પોતાનું સુખ દેવા સારું મહારાજે સ્વામીને રાખ્યા છે.

૫. ગુણાતીતાનંદ સ્વામીએ પૂછેલા ચાર પ્રશ્નોનો શ્રીજીમહારાજે શો ઉત્તર આપ્યો ? (૩/૫૬)

**જ.** ગુણાતીતાનંદ સ્વામીએ પૂછેલા ચાર પ્રશ્નોનો ઉત્તર આપતાં મહારાજે કહ્યું જે 'વાતું જ અધિક છે.'

**પ્ર.૫ કૌંસમાં આપેલા વિકલ્પોમાંથી સાચો જવાબ શોધીને ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ : ૫)**

૧. આમ ને આમ **<u>સંપ</u>** રાખશો તો ગમે તેવો તમારો અંતરશત્રુ હશે તે પણ પરાભવ નહિ કરી શકે. (૩/૫૮)

૨. જેમ જેમ ભગવાનનું **<u>જ્ઞાન</u>** થાતું જાય, તેમ તેમ ભગવાનનો મહિમા જણાતો જાય. (૩/૬૧)

૩. કારણ શરીર ટાળવા માટે શ્રીજીમહારાજ સાધુ અને **<u>નિયમ</u>** તો અક્ષરધામમાંથી સાથે લાવ્યા. (૩/૫૫)

૪. 'પણ મહારાજની મૂર્તિ વિના ખાવાની વિષ્ટા ને પીવાની લઘુશંકા એવું છે, પણ જ્યાં સુધી **<u>મોહ</u>** છે, ત્યાં સુધી એ વાત સમજાય નહિ.' (૩/૬૪)

૫. હું અક્ષરધામમાંથી પુરુષોત્તમ આવ્યો છું ને **<u>સુગાળવો</u>** છું. (૩/૪૭)

**પ્ર.૬ અભ્યાસક્રમની 'સ્વામીની વાતો'ના આધારે નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> ઉપર વિસ્તૃત નોંધ લખો. (કુલ ગુણ : ૧૦)**

> ☞ **નોંધ :- જવાબોની સમજૂતી માટે નીચેના મુદ્દાઓની આવશ્યકતા.**

| | | |
|---|---|---|
| ૧. | પરોક્ષ શાસ્ત્રોનું પ્રમાણ. | ૧ ગુણ |
| ૨. | પરોક્ષના ભક્તોનાં કીર્તન, શ્લોક અથવા સાખી. | ૧ ગુણ |
| ૩. | શ્રીજીમહારાજના વચનામૃત અથવા આપણાં અન્ય શાસ્ત્રોનું પ્રમાણ. | ૨ ગુણ |
| ૪. | સ્વામીની અન્ય વાતોનું પ્રમાણ. | ૨ ગુણ |
| ૫. | નંદ પંક્તિનાં કીર્તનો અથવા ગુરુપરંપરાનાં કીર્તનો, સાખી. | ૧ ગુણ |
| ૬. | ઉપરના સંદર્ભોની વધુ સ્પષ્ટતા કરતા પ્રસંગો અથવા દ્દષ્ટાંતો બે કે તેથી વધારે. | ૩ ગુણ |
| ૭. | પરીક્ષકનો નિર્ણય આખરી ગણાશે. | |

**૧. બ્રહ્મસ્થિતિ પામવાના ઉપાયો : (૧)** સત્પુરુષને નિર્દોષ સમજે ને સર્વજ્ઞ જાણે ને એવા છે તેની સાથે કોઈ પ્રકારે અંતરાય રાખે નહિ, તો સત્પુરુષના ગુણ મુમુક્ષુમાં આવે છે. **(૩/૩૪) (૨)** કારણ શરીરરૂપ જે અજ્ઞાન, તે રૂપી જે કાળો પર્વત તેને તોડીને બ્રહ્મરૂપ કરીને અક્ષરધામમાં મહારાજની સેવામાં રાખીએ છીએ. **(૩/૪૩) (૩)** મહારાજ તો કારણશરીર ટાળવા સારું સાધુ ને નિયમ તો અક્ષરધામમાંથી લઈને જ પધાર્યા છે. તે માટે સાધુ ભગવાનની ઉપાસના કરાવે છે ને નિયમે કરીને ભગવાનની આજ્ઞા પળાવે છે. તેણે કરીને તો કારણ શરીરનો નાશ થઈ જાય છે. **(૩/૫૫) (૪)** તે દિવસથી મેં વાતું કરવા માંડી છે, તે રાત-દહાડો સોપો જ પડતો નથી. જેથી જીવ બ્રહ્મરૂપ થઈ જાય છે. **(૩/ ૫૬) (૫)** તેમ જ મુમુક્ષુ હોય તે જો શ્રદ્ધાએ કરીને આ સત્પુરુષનો મન, કર્મ, વચને સંગ કરે છે તો તે બ્રહ્મરૂપ થાય છે. **(૩/૬૦) (૬)** જ્યાં સુધી સત્પુરુષમાં જીવ બંધાણો નથી ત્યાં સુધી લોક, ભોગ ને દેહ તે રૂપ થઈ જવાય છે. **(૩/ ૬૫) (૭)** અમારે તો હજારો ક્રિયા કરાવવી પડે પણ આંખ મીંચીને ઉઘાડીએ એટલી પળ જો ભગવાન વિસરાય તો

તાળવું ફાટી જાય. (૩/૬૫) (૮) જેમ માછલું છે તે જળમાં હાલે-ચાલે ને ક્રીડા કરે છે તેમ અમે બોલીએ-ચાલીએ ને ક્રિયા કરીએ પણ ભગવાનને મૂકીને તો કોઈ ક્રિયા કરીએ જ નહિ. (૩/૬૫)

૨. **સત્સંગ અને કુસંગનો વિવેક :** (૧) જેમ રેતીએ કરીને બાવળિયો સોરાઈ (છોલાઈ, ઉઝરડાઈ) ગયો છે, તેમ જ વિષયે કરીને તો જીવ સોરાઈ જાય છે. (૩/૫૯) (૨) લોક, ભોગ ને આ દેહ તેણે કરીને તો જીવ સોરાઈ ગયા છે. તેમ જ રૂડા ગુણ છે તે પણ આ ત્રણ પ્રકારના કુસંગે કરીને તો નાશ થઈ જાય છે. પણ જીવ ત્રપખંડો (દેહ, દેહસંબંધી પદાર્થ, સંસારને ત્રપખંડો કહે છે) મૂકે નહિ ત્યાં સુધી જીવ સુખિયો પણ થાય નહિ. (૩/૫૯) (૩) આ જીવ તો મેવાસી (ચોર) થઈ બેઠો છે. પણ ભગવાનની ને મોટા સાધુની તો ગરજ રાખતો નથી. (૩/૫૯)

૩. **સ્વરૂપનિષ્ઠા :** (૧) બીજું અધિક કાંઈ સમજવાનું નથી ને એટલું જ સમજવાનું છે જે, મહારાજને પુરુષોત્તમ જાણવા ને આ સાધુને અક્ષર જાણવા ને આ બધાય અક્ષર છે અને ઓલ્યા મૂળ અક્ષર છે, તે પણ આંહી દેહ ધરીને આવ્યા છે. (૩/૩૮) (૨) અમે સુરંગું દઈએ છીએ ને બસેં-બસેં ગાડાં પાણા નીસરે છે તે શું ? તો વાતરૂપી સાંગડીએ કરીને દાર દઈએ છીએ ને ભગવાનના નિશ્ચયરૂપી દારૂ ભરીએ છીએ ને ભગવાનના સાધુનો મહિમા તે રૂપી અગ્નિ મૂકીએ છીએ, તેણે કરીને કારણ શરીરરૂપ જે અજ્ઞાન, તે રૂપી જે કાળો પર્વત, તેને તોડીને બ્રહ્મરૂપ કરીને અક્ષરધામમાં મહારાજની સેવામાં રાખીએ છીએ. (૩/૪૩) (૩) મહારાજ તો કારણ શરીર ટાળવા સારુ સાધુ ને નિયમ તો અક્ષરધામમાંથી લઈને જ પધાર્યા છે. તે માટે સાધુ ભગવાનની ઉપાસના કરાવે છે ને નિયમે કરીને ભગવાનની આજ્ઞા પળાવે છે, તેણે કરીને તો કારણ શરીરનો નાશ થઈ જાય છે. તે ઉપર કારિયાણીનું બારમું વચનામૃત વંચાવીને કહ્યું જે, 'આ વચનામૃતમાં મહારાજે સિદ્ધાંત કહ્યું છે. તે સારું વર્તમાન પળાવીને કલ્યાણ કરે છે. (૩/૫૫) (૪) જો આ પ્રત્યક્ષ ભગવાનને વિષે નિષ્ઠા થઈ ને આ સાધુની ઓળખાણ થઈ, તો તે આંબા જેવા છે ને તેને સંગે તો ટાઢું થઈને સુખિયો થઈ જાય. બાર ગુણે જુક્ત બ્રાહ્મણ હોય ને જો પ્રત્યક્ષ ભગવાન સાથે ઓળખાણ ન હોય તો તે કરતાં ભગવાનનો ભક્ત શ્વપચ હોય તે શ્રેષ્ઠ છે, એમ કહ્યું છે. તે માટે ભગવાનના ભક્તને ઓળખીને સંગ કરવો, જેથી છેલ્લો જન્મ થઈ જાય ને એવા ન મળે, તો બીજા તો અનંત જન્મ ઉત્પન્ન કરે એવા છે. (૩/૬૮)

**(વિભાગ - ૩ : 'ભગવાન સ્વામિનારાયણ' પાંચમી આવૃત્તિ, એપ્રિલ, ૨૦૦૫)**
**(ભાગ - ૧, ઉદ્‌ગીથ : ૧ થી ૨૨ તથા ભાગ - ૨, ઉદ્‌ગીથ : ૧ થી ૬નાં આધારે)**

**નોંધ :- (૧) અત્રે આપેલા ઉકેલપત્રમાં ફક્ત મુદ્દા જ આપ્યા છે. પરીક્ષાર્થીની રજૂઆત તથા વિચારધારા પ્રમાણે ગુણ આપી શકાય. મુદ્દાની સામે આપેલા અંક ગ્રંથનો ભાગ અને પાના નંબર દર્શાવે છે. (૨) અત્રે આપેલા પ્રસંગો અભ્યાસક્રમના આધારે તૈયાર કરેલા હોવાથી તે જ પ્રસંગો માન્ય ગણવા. તે સિવાયના પ્રશ્નને અનુરૂપ પ્રસંગો પરીક્ષાર્થીએ લખ્યા હોય પણ અત્રે આપેલા ન હોય તો તે પેપર ઉપર કાર્યાલયનું ધ્યાન દોરવા માટે પ્રશ્ન નંબર સાથે નોંધ મૂકવી. (૩) આ નોંધ પ્રશ્ન-૭ અને પ્રશ્ન-૮ બંનેને સરખી જ લાગુ પડે છે.**

**પ્ર.૭ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ <u>એક</u> ઉપર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ :- જે પ્રશ્નમાં બાર કે તેથી વધુ પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે. દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. નીલકંઠવર્ણી અને રામાનંદ સ્વામી વચ્ચે સંબંધ.**

| | | |
|---|---|---|
| ૧. | મુક્તાનંદ સ્વામીના ધ્યાનમાં યોગથી વૃત્તિ જોડી રામાનંદ સ્વામીના શ્રીહરિએ કરેલા પ્રથમ દર્શન. | ૧/૩૩૯-૩૪૦ |
| ૨. | કુરજી દવેને અક્ષરધામની ભેટ. | ૧/૩૪૧ |
| ૩. | પીપલાણામાં રામાનંદ સ્વામી અને શ્રી હરિનું પ્રથમ મિલન. | ૧/૩૪૫-૩૪૬ |
| ૪. | તમે સનાતન ઈશ્વર છો કે આધુનિક ઈશ્વર છો ? વર્ણીનો રામાનંદ સ્વામીને પ્રશ્ન. | ૧/૩૪૭ |
| ૫. | રામાનંદ સ્વામીએ નીલકંઠને આપેલી ભાગવતી દીક્ષા. | ૧/૩૪૮ થી ૩૫૨ |
| ૬. | હરબાઈ-વાલબાઈ માટે સહજાનંદ સ્વામીએ રામાનંદ સ્વામીને કરેલો પ્રશ્ન. | ૧/૩૫૩ |
| ૭. | આ વર્ણી વેષે સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ પધાર્યા છે. - રામાનંદ સ્વામીએ અગતરાઈમાં ઓળખાવેલું સહજાનંદ સ્વામીનું સ્વરૂપ. | ૧/૩૫૭ |
| ૮. | કાલવાણી અને લોજમાં રામાનંદ સ્વામીએ નારાયણ મુનિના શરીર સ્વાસ્થ્યના શરૂ કરેલા ઉપાયો. | ૧/૩૫૮ |
| ૯. | હું તો પ્રભુનો પેગંબર છું અને પ્રભુ તો આ નાના સહજાનંદ સ્વામી છે. માણાવદરના નવાબના માણસને રામાનંદ સ્વામીએ કહ્યું. | ૧/૩૫૯ |
| ૧૦. | આજે તો સાક્ષાત્ કાળ આવ્યો હતો પણ આપે રક્ષા કરી એટલે જ બચ્યો છું. - ધોરાજીમાં રામાનંદ સ્વામીને. | ૧/૩૬૧ |
| ૧૧. | માંગરોળમાં મનુભાને રામાનંદ સ્વામીએ કરાવેલી વર્ણીની ઓળખ. | ૧/૩૬૨ |
| ૧૨. | સહજાનંદ સ્વામીને ગાદી આપવાનો કરેલો નિર્ણય. | ૧/૩૬૫-૩૬૬ |
| ૧૩. | ધર્મધૂરાંની સોંપણી. | ૧/૩૭૧થી૩૮૦ |

**૨. વનવિચરણ એ નીલકંઠવર્ણીની કલ્યાણયાત્રા.**

૧. લોધેશ્વરમાં ભાવિકોને ઉપદેશ કરી સંસાર સાગર તરવાનો ઉપાય બતાવ્યો. ૧/૧૦૭

૨. પથેપુરમાં મુમુક્ષુઓને ઉપદેશ આપી પોતાના સંબંધથી ભવબંધનના બંધનમાંથી છોડાવતા. ૧/૧૦૭

૩. ખેરિલાપુરમાં નૈમિષારણ્ય સરોવરને કાંઠે તપ કરતાં ઋષિઓને તપશ્ચર્યાના ફળરૂપે દર્શન દીધા. ૧/૧૦૭

૪. શ્રીપુરના મઠની બહાર રાત્રે આવેલા કેસરી સિંહનું કરેલું કલ્યાણ. ૧/૧૧૬

૫. માન સરોવરના હંસોને પાંચ દિવસ સુખ આપી, પશ્ચિમમાં આવવાનો આદેશ આપી કરેલું કલ્યાણ. ૧/૧૩૦

૬. પંજાબના રાજા રણજિતસિંહને હરિદ્વારમાં હરકી પૈડી પર આપેલો ઉપદેશ અને આશીર્વાદ. ૧/૧૩૨-૧૩૩

૭. હરૈયા ગામે હલવૈની વૃદ્ધ માને ચતુર્ભૂજ સ્વરૂપે દર્શન આપી કલ્યાણ કર્યું. ૧/૧૩૬

૮. વંશીપુરના રાજા, રાણી અને કુંવરીઓ ઈલા અને સુશીલાનું કરેલું કલ્યાણ. નીલકંઠવર્ણીના ઉપદેશથી રાણીને થયેલી બ્રહ્મની અનુભૂતિ. ૧/૧૪૨

૯. કઠારી તોડીને મોહનદાસના મોહનો ભંગ કરી પોતાનામાં વૃત્તિ જોડી. ૧/૧૬૧

૧૦. ગોપાળયોગી પાસે શંખનાદ કરાવી ગોવાળોની ગાયોની રક્ષા કરી. ગોપ બાળકોમાં પોતાના તરફ ભક્તિભાવ કર્યો. ૧/૧૭૩

૧૧. ગોપાળયોગીને દેહભાવની વિસ્મૃતિ કરાવી પોતાનામાં વૃતિ સ્થિર કરાવી દેહત્યાગ કરાવી કલ્યાણ કર્યું. ૧/૧૭૪

૧૨. ઉત્તર કાશીમાં (પોખરામાં) મુમુક્ષુ પંડિતને અભયદાન આપ્યું. ૧/૧૭૫

૧૩. આદિવારાહ તીર્થમાં પુરજનોની મુમુક્ષુતા જોઈ નીલકંઠે મનુષ્યના ધર્મ સમજાવ્યા. ૧/૧૮૦

૧૪. બંગાળના સિરપુરના રાજા સિદ્ધવલ્લભને ઉપદેશ. ૧/૧૮૩

૧૫. સિદ્ધવલ્લભ રાજાને સર્વોપરિ પુરુષોત્તમ નારાયણનું નીલકંઠના સ્વરૂપમાં દર્શન. ૧/૧૯૦

૧૬. પિબૈકનું કલ્યાણ. ૧/૧૯૭

૧૬. જાંબુવાનને દર્શન દઈને કરેલું કલ્યાણ. ૧/૨૦૭

૧૭. જંગલમાં આવેલો અવેડો જયરામદાસ પાસે ભરાવી તેમાં પોતાનો પગ બોળી ઘેરો સાદ કર્યો. વન્ય પ્રાણીઓએ આવીને પાણી પીધું. આમ તેમનું કલ્યાણ કર્યું. ૧/૨૧૦

૧૮. માલ્યવાન પર્વત (સ્ફટિકશિલા) ઉપર રહેતા સર્પોના સમૂહને નિર્વિષ બનાવી કલ્યાણ કર્યું. ૧/૨૪૪

૧૯. બુધેજ ખોડાભાઈના દરબારમાં દાસીના તિરસ્કાર સાથે પણ જુવારનું સદાવ્રત લઈ બે દાણા મોંમાં નાખી રાજા-પ્રજાનું કલ્યાણ કર્યું. બાકીની જુવાર પારેવાને નાંખી તેમનું કલ્યાણ કર્યું. ૧/૨૭૫-૨૭૬

૨૦. ગોરાસુમાં માતાના મંદિરના મહંત ગોંસાઈ સેવાગરને મોક્ષની વાત કરી તેનું અંતરતલ જગાડી દીધું. ૧/૨૮૩

૨૧. પોલારપુરમાં કણબી જેઠા બનાણીની માતાના કારજની સુખડી જમી કલ્યાણ કર્યું. પીતાં વધેલું પાણી કૂવામાં નાખી કૂવો તીર્થરૂપ બનાવી અનંતનું કલ્યાણ કર્યું. ૧/૨૮૩

૨૨. કુક્કડ ગામના દરબાર ભગવાનસિંહને પ્રસાદી જમાડી બુદ્ધિની જડતા કાઢી નાખી તેમનું કલ્યાણ કર્યું. ૧/૨૮૫

૨૩. દીહોરના મૂળજી ભાવસારની સેવાનો સ્વીકાર કરી માતા-પુત્ર બંનેનું કલ્યાણ કર્યું. ૧/૨૮૬

૨૪. પીપરલામાં તીર્થવાસીઓને જમાડતા વિપ્રને ઘેર જમતાં જમતાં મુખમાં ચૌદ લોક સહિત બ્રહ્માંડ, કૈલાસ અને વૈકુંઠના દર્શન કરાવી કલ્યાણ કર્યું. ૧/૨૮૮

૨૫. મોટા ગોપનાથના શીવ મંદિરના મહંત નૃસિંહાનંદ બ્રહ્મચારીની સેવા સ્વીકારી તેમને શુદ્ધ આનંદ સ્વરૂપ આત્માની અનુભૂતિ કરાવી કલ્યાણ કર્યું. ૧/૨૮૯

૨૬. ગોપનાથ મહાદેવને દૂધ ચડાવવા આવતા પીથલપુરના જાનબાઈનું દૂધ અંગીકાર કરી કલ્યાણ કર્યું. ૧/૨૯૦-૨૯૧

૨૭. રાજપટવે ગામમાં રોહણના ઝાડ નીચે બીરાજી તથા ચાંચવા ગામમાં રૂખડાના ઝાડને નીચે બિરાજી ઝાડનું કલ્યાણ કરી અક્ષર મુક્તની પંક્તિમાં બેસાડ્યું. - ૧/૨૯૩

૨૮. રામપરામાં ખીજડાની દરિદ્રતાથી દ્રવી જઈ તેનું કલ્યાણ કરવા તેને દૃષ્ટિમાં લીધો. ૧/૨૯૪

૨૯. સામતેજ ગામે લોભી વણિકનો લોભ ટાળવા વર્ણી કઠણ થયા અને આજીવિકા પૂરતું ધન આપ્યું અને સેવાના ફળરૂપે સર્વોપરિ અક્ષરધામ આપ્યું. ૧/૨૯૬

૩૦. લખુ ચારણના જ્ઞાનના અહંને ઓગાળી અને અવિચળ પદ આપ્યું. ૧/૩૦૦

૩૧. પ્રભાસ પાટણમાં વિપ્રને ‘અમે જીવોને ન્યાલ કરવા જ પ્રગટ થયા છીએ.’ ૧/૩૦૦-૩૦૧

૩૨. દતાત્રેયની મંદિરમાં તપસ્વીને ‘આ મૂર્તિ અંતરમાં ઉતારી દેજો. અક્ષરધામની પ્રાપ્તિ થશે.’ ૧/૩૦૪

૩૩. જેઠા મેરને નૈષ્ઠિક વ્રતનું ફળ આપ્યું ૧/૩૦૪

### ૩. 'અમે માનવી નથી' નીલકંઠવર્ણીની યાત્રામાં સાર્થક થતી ઉક્તિ

૧. 'અમે માનવી નથી. અમારો સંકલ્પ દઢ છે. તમે રસ્તો બતાવો.' હિમગિરમાં જવાની ના પાડતા બદરિનાથના પૂજારીને નીલકંઠવર્ણી. ૧/૧૨૪

૨. હિમગિરિમાં આવેલા શીતળ જળના સરોવરમાં સ્નાન કરનાર બરફની શિલા બની જાય. ત્યાં નીલકંઠે કરેલું સ્નાન. ૧/૧૨૬

૩. 'આપનાથી અમને જે અધિક માને છે તે આપનો પ્રતાપ જાણતા નથી.' - નરનારાયણઋષિ નીલકંઠને. ૧/૧૨૮

૪. 'આપ તો સાક્ષાત્ ઈશ્વરમૂર્તિ છો. નહિ તો હિમગિરિનો પ્રવાસ કરી કોઈ માનવી બદરિવનમાં સદેહે ગયું હોય તેવું સાંભળ્યું નથી. - બદરીનાથના પૂજારી નીલકંઠને. ૧/૧૩૧

૫. પ્રથમ દૃષ્ટિએ જોતાં જ રાજા રણજિતસિંહ બદરિનાથના નિજ મંદિરને બદલે વર્ણી તરફ ચાલ્યાં અને સ્તુતિ કરી. ૧/૧૩૧-૧૩૨

૬. હરૈયા ગામે હલવૈની માએ નીલકંઠવર્ણીને જોતાં જ તેમના મોહક સ્વરૂપમાં આકર્ષણ થયું. ૧/૧૩૫

૭. વંશીપુરના રાજા પ્રથમ દર્શને જ પ્રાર્થના કરતા કહ્યું, 'ભગવન ! મને આપે ન્યાલ કરી દીધો.' ૧/૧૩૯

૮. રાજાના અનુચરોને અનુભૂતિ : 'આ કોઈ યોગીન્દ્ર પુરુષ છે. દેખાય છે બાળ પણ દેવાધિદેવનું સ્વરૂપ છે.' ૧/૧૩૯

૯. વંશીપુરના રાણીને પ્રથમ દર્શને અનુભૂતિ : સાક્ષાત્ પુરુષોત્તમ પોતે છે. ૧/૧૩૯

૧૦. પુલહાશ્રમની વાટે જતાં પાંચસો નાગા વૈરાગીઓની જમાતના ગુરુએ નીલકંઠને જોતાં તેમની દિવ્ય પ્રતિભાથી આકર્ષાઈ નીલકંઠ પાસે જઈને નમસ્કાર કર્યા. ૧/૧૫૨

૧૧. વર્ણીનું સ્વરૂપ જોઈ મોહનદાસ બાવાના અંતરમાં વારંવાર પ્રગટ થતા ત્રણ ગુણના ભાવ શમી ગયા. ૧/૧૫૯

૧૨. બુટોલનગરના રાજા મહાદત્ત અને બહેન માયારાણીને પ્રથમ દર્શનથી અપાર શાંતિનો અનુભવ. ૧/૧૬૬

૧૩. ગોપાળયોગીએ નીલકંઠને આવતા જોયા અને તેમને લાગ્યું, અંતરમાં દેખાતી મૂર્તિ અને સામે આવતી મૂર્તિ સાથે સામ્ય હતું. ૧/૧૭૧

૧૪. પોખરા (ઉત્તરકાશી) માં મુમુક્ષુ પંડિત વર્ણીનું સ્વરૂપ જોઈને ખેંચાઈ આવ્યો. તેને વર્ણીમાં શિવજીનો ભાસ થયો. ૧/૧૭૫

૧૫. સિરપુરના સિદ્ધવલ્લભ રાજાને નીલકંઠના દર્શન થતાં જ સર્વે વૃત્તિઓ શાંત થઈ ગઈ. ૧/૧૮૨

૧૬. કામાક્ષી મંદિરના સિદ્ધોને અંતરમાં એક પ્રકારની બીક લાગી. ૧/૧૯૩

૧૭. નવલખા પર્વત પાસેના જંગલના પ્રવેશદ્વાર આગળના ચોકીદારોએ નીલકંઠનું દર્શન અને અવાજમાં તેમની સંકલ્પ શક્તિનું બળ જોતાં હાથ જોડી દીધાં. ૧/૧૯૮

૧૮. કપિલાશ્રમમાં દર્શને આવતા ભાવિકોને નીલકંઠની સિદ્ધિઓ જોઈ આશ્ચર્ય થતું. ૧/૨૦૧-૨૦૨

૧૯. નીલકંઠની વાત સાંભળતા જગન્નાથપુરીના રાજા ચાલીને દર્શને આવ્યા. ૧/૨૧૩-૨૧૪

૨૦. રથયાત્રાના પ્રસંગે રાજાએ નીલકંઠને પણ સુંદર શણગારેલા રથમાં બેસાર્યા. ૧/૨૧૭

૨૧. 'આ કોઈ જુદી માટીનો માનવી છે.' માનસપુરના માળીને થયેલો અનુભવ. ૧/૨૨૩

૨૨. માનસપુરના રાજા : 'કાં શિવજીમાં આવી યોગસિધ્ધિ હોય કાં નારાયણમાં આવી મોહકતા હોય !' ૧/૨૨૪

૨૩. પૂનામાં બાપુ ગોખલેને નીલકંઠવર્ણીનાં દર્શન કરતાં અનિર્વચનીય શાંતિનો અનુભવ થયો. ૧/૨૪૭

૨૪. જનાબાદમાં શિવભક્ત વિપ્રને નીલકંઠમાં થયેલી શિવજીની અનુભૂતિ. ૧/૨૪૯

૨૫. બુરાનપુરના વણિક શિવાસા અને ગોવિંદ શેઠ નીલકંઠના સ્વરૂપથી આકર્ષાઈ પોતાને ઘેર લઈ જાય છે. ૨૫૦-૨૫૧

૨૬. પીપળી ગામના ક્ષત્રિય ગુલાબસિંહને વર્ણીની રસોઈની ક્રિયા, ઠાકોરજીને નૈવેધ ધરવાની ક્રિયા અને જમવાની ક્રિયા બીજા કરતાં જુદી જ ભક્તિ ભાવવાળી લાગી. ૧/૨૫૬

૨૭. અંબાલીના રાજબાઈ : જે સ્વરૂપને પામવા તે ઈચ્છતી હતી તે જ સ્વરૂપની પ્રાપ્તિની અનુભૂતિ. ૧/૨૫૭

૨૮. માંડવીના દરવાજે (વડોદરામાં) લોકોના ટોળાના ઉદ્‌ગારો 'આપ કાંઈ જુદા દેખાઓ છો.' ૧/૨૫૯

૨૯. અમીચંદની સ્ત્રીની વાસનાની બદબો દર્શન માત્રથી ટળી ગઈ. ૧/૨૬૦-૨૬૧

૩૦. નાવલીના લાલદાસને નીલકંઠને જોતાં જન્મજન્માંતરની કોઈ અતૃપ્ત ઈચ્છા આજે જાણે તૃપ્ત થતી હોય તેવો અનુભવ. ૧/૨૬૨

૩૧. ડાકોરના રણછોડજીને નીલકંઠ સાથે રહેવાનું મન થઈ ગયું. ૧/૨૬૪

૩૨. ઉમરેઠના રૂપરામ ઠાકરને નીલકંઠની આંખોમાં હરિની વત્સલતા દેખાઈ. ૧/૨૬૫

૩૩. વડતાલના જોબનપગીએ દર્શન કરતાં જે તેનામાંથી ક્રૂરતાનું કલેવર ઓગળી ગયું. ૧/૨૬૬

૩૪. નીલકંઠના દર્શન કરતાં જ બોચાસણના નાનીબાના દૈવી સંસ્કારો અને અંતઃકરણ જાગૃત થઈ ગયું. ૧/૨૬૯

૩૫. ગોરાસુમાં ખોડિયાર માતાના મંદિરના મહંતને નીલકંઠ અલૌકિક જણાયા. તેના ઇન્દ્રિયો, અંતઃકરણ, સત્ત્વમય થતાં લાગ્યાં. ૧/૨૮૨

૩૬. પીપરલાના વિપ્રની ભાવના : 'આવા જમનારા ફરી નહીં મળે.' ૧/૨૮૯

૩૭. લોજની વાવ પર સુખાનંદ સ્વામીની વૃત્તિનો થયેલો નિરોધ. ૧/૩૧૩

**પ્ર.૮ નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ બે ઉપર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

☞ **નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે. દરેક પ્રસંગના ૨ ગુણ આપવા.**

**૧. ભાદરામાં વસંતોત્સવ અને ઊંડવતીની લીલા.** (૨/૬૦ થી ૬૩)

૧. **વસંતોત્સવ :** સવારે વસંતોત્સવ કર્યો - સાંજની સભામાં ધર્મ, અર્થ અને કામ એ ત્રણ પુરુષાર્થની સિદ્ધિની વાત - મોક્ષની વાત - સંત સમાગમની વાત - અસૂરના લક્ષણો - દર્પણરૂપ શ્રીહરિના શબ્દો.
**ઊંડવતીની લીલા :** જળક્રીડા કરવા તૈયાર થયેલા શ્રીહરિ અને સખાઓ - ડોસાભાઈ આગળ મહારાજે કરેલી ભવિષ્યવાણી - લાલજી સુથાર પાસે નાવની માગણી - ચલાખા પર બેસી કરેલો વિહાર - વશરામભાઈની લોભવૃત્તિ છોડાવી - કીડીઓનો મોક્ષ - મૂળજીની અક્ષર તરીકે આપેલી ઓળખ -

**૨. જોબને અનુભવેલો શ્રીજીમહારાજનો પ્રભાવ.**

૧. શ્રીહરિ બાપુભાઈના આમંત્રણથી વડતાલ પધારે છે. - બાપુભાઈએ શ્રીહરિને કહેલી સિદ્ધની વાત. ૨/૪૩

૩. સિદ્ધે કરેલું ભવિષ્યકથન 'તમારા ગામમાં પૂર્ણ પુરુષોત્તમ પધારશે.' શ્રીહરિએ આપેલો પ્રતિભાવ - હા આવ્યા જ છે ને ! ૨/૪૪

૪. વડતાલમાં પધારેલા શ્રીહરિ ભગવાન છે. બહુ જ પ્રતાપ બતાવે છે. વહેતી થયેલી વાતો સાંભળી અકળાયેલો જોબન પગી. - શ્રીહરિનો રોઝો ઘોડો ચોરવાનું જોબનને થયેલું મન. ૨/૪૬

૬. 'જન્મારો તો તમારા ભગવાનનો ઘોડો મળશે એટલે સુધરી જ જશે. તમારા ભગવાનને હું કદી છોડવાનો નથી.' - જોબન પગી બાપુભાઈને -'બાપુભાઈ ! જોબનને કહેજો કે અમે પણ તેને છોડવાના નથી.' શ્રીહરિ - બાપુભાઈને.૨/૪૭

**૩. કચ્છનો સત્સંગ**

૧. લાલજી સુથાર નિષ્કુળાનંદ બન્યા - નિષ્કુળાનંદ સ્વામીને આધોઈ ગામના ચોરામાં યમદંડ લખવાની આજ્ઞા. ૨/૭૨-૭૫

૩. પૂર્વ દેશના બે વૈરાગીઓને દીક્ષા. કૃપાનંદ અને વીરભદ્રાનંદ નામ. ૨/૭૭ થી ૭૯

૪. આજ ભગવાનના સ્વરૂપના જ્ઞાનરૂપી સુદર્શન ચક્ર ઘરોઘર ભક્તોને આપ્યું છે. - સુંદરજીના પ્રશ્નનો ઉત્તર. ૨/૭૯

૫. લાધીમાને શ્રી હરિના સ્વરૂપનો નિશ્ચય. ૨/૭૯ થી ૮૦

૬. માનકૂવામાં આદાભાઈને સત્સંગ - એવું જ્ઞાન તો મારામાં નથી પણ તમે ભગવાન છો એ સાચું. ૨/૮૧-૮૨

૭. શ્રીહરિ વર બનીને પોંખાયા - દેવ બાઈનો સંકલ્પ પૂરો કર્યો. ૨/૮૩

૮. રસાસ્વાદમાં આસક્ત ડુંગરભાઈની ટકોર - માનસિક યોગની સાધનાનો આરંભ. ૨/૮૩

૯. રામપરાના લક્ષ્મણની સાત પેઢી સુધી મુક્તજીવના જન્મના આશીર્વાદ. ૨/૮૪

૧૦. ભૂજના દિવાન જગજીવનના પત્નીને આશીર્વાદ - 'તમે મારો આશ્રય કર્યો છે. તો હવે કોઈ ચિંતા કરશો નહિ.' ૨/૮૬

**૪. ભારતની કરુણ દુર્દશા.**

૧. મોગલ શાસનની પડતી. ઈસ્ટ ઈંડિયા કંપનીની સત્તા જમાવટ - ગુજરાત-સૌરાષ્ટ્ર અંધાધૂંધી - અરાજકતા. ૧/૧

૩. લડાયક કોમોએ પાથરેલા અશાંતિના ઓળા. ૧/૨

૪. ધાર્મિક ક્ષેત્રે સંન્યાસીઓની જમાતના કાળા કામ-હિન્દુસ્તાનના જિપ્સીઓની જમાત - 'ઈન્સાન મીટા દુંગા'ની ભાવનાનો વિપરીત કાળ - ગુજરાતમાં ઉપરથી જણાતા શૈવ, વૈષ્ણવ, જૈન અંદરથી શક્તિ આચારોને અનુસરતા - મહેમદાવાદના બ્રાહ્મણના ઘરમાંથી ૬૦ મણ માંસ કઢાવ્યું - ભક્તચિંતામણિમાં વર્ણ. ૧/૩-૪

❑ ❑ ❑